IT Center
AAU,Anand

registrar aau <registrar@aau.in>

# કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુન:વેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવા બાબત.

**Madhuri Shah (GoG-Agriculture Dept.)** <so-m3-agri@gujarat.gov.in> Mon, Jun 15, 2020 at 3:55 PM
To: "J K Patel (GoG-Agricultural Dept.)" <ds-appeal-agri@gujarat.gov.in>, "Ravindra Dhyaneshwar Khatale, IAS(GoG-Agri Dept.)" <as-agri-gnr@gujarat.gov.in>, "Rita C Jadeja(GoG-Agri Dept.)" <ds-bud-agri@gujarat.gov.in>, "sudhir upadhyay(GoG-Agriculture Dept.)" <ds-anihus-agri@gujarat.gov.in>, "Smt. Smita S Adhvaryu(GoG-Agriculture Dept.)" <us-fisheries-agri@gujarat.gov.in>, "R C Jadeja(GoG-Agriculture Dept.)" <us-bud-agri@gujarat.gov.in>, "R R PANDYA (GoG-Agriculture Dept.)" <usagri@gujarat.gov.in>, "N M BHAVSAR (GoG-DSCW Dept.)" <US-AGREE@gujarat.gov.in>, "Narendra Vaghela(GoG-Agriculture Dept.)" <us-anihus-agri@gujarat.gov.in>, "N K Makwana(GoG-Agriculture Dept)" <us-cord-agri@gujarat.gov.in>, "L K Jogal(GoG-Agriculture Dept.)" <us-estt-agri@gujarat.gov.in>, "Bhavita Rathod(GoG-Agri Dept.)" <us-serv-agri@gujarat.gov.in>, "B M. Gamit(GOG-Agri Dept.)" <us-credit-coop@gujarat.gov.in>, "rajurpandya@gmail.com" <rajurpandya@gmail.com>, "CEO, SUPERVISION & AUDITE COMMITTEE" <exoff-agri-ahd@gujarat.gov.in>, "gsctribunal@gmail.com" <gsctribunal@gmail.com>, "drpr69@gmail.com" <drpr69@gmail.com>, "gauseva.gov@gmail.com" <gauseva.gov@gmail.com>, "Dr. P P Patel ( agri council )" <saucouncil@gmail.com>, "vc.goau@gmail.com" <vc.goau@gmail.com>, "Dr. H N Kher ( Registrar SDAU )" <registrar@sdau.edu.in>, "Dr.R L Shilani (Registrar JAU )" <registrar@jau.in>, "registrarnau@yahoo.co.in" <registrarnau@yahoo.co.in>, KAMDHENU UNIVERSITY <registrar.kamdhenuuniversity@gmail.com>, "Dr. P R Vaishnav ( Registrar AAU )" <registrar@aau.in>, "gsamboard2017@gmail.com" <gsamboard2017@gmail.com>, "B J Paramar ( Gusheel )" <gswdcgandhinagar@yahoo.com>, "GSWC ltd.." <aogswc@yahoo.co.in>, MD GAICL <md.gaicl@gmail.com>, "shishirsinh.j.solanki(GoG-Agri Dept.)" <dir-gssca@gujarat.gov.in>, "mp@gurabini.com" <mp@gurabini.com>, bij nigam <md@gurabini.com>, "V.B. Mecwan (GoG-GSLD Dept.)" <md-gsld@gujarat.gov.in>, "directorsugar@gmail.com" <directorsugar@gmail.com>, Commi-Fisheries <commi-fisheries@gujarat.gov.in>, "D.P. Desai (GoG-Agriculture Dept.)" <rcs@gujarat.gov.in>, "Dr. P.M.Vaghasiya(GoG-Agriculture Dept.)" <dir-bag@gujarat.gov.in>, "DIR-AH-GUJ(GoG-Agriculture Dept.)" <dir-anml@gujarat.gov.in>, "B M Modi(GOG-Agri Dept.)" <dir-agr@gujarat.gov.in>, "director.apmc2018@gmail.com" <director.apmc2018@gmail.com>, "Guj. Central Fisheries Ltd" <gujaratfisheries@yahoo.com>, "gldb.gandhinagar@gmai.com" <gldb.gandhinagar@gmai.com>, "registrar@ku-guj.com" <registrar@ku-guj.com>, "registrar@gvc.org.in" <registrar@gvc.org.in>, GOPCA GOPCA GOPCA <dirgopca@gmail.com>, Atma <sameti.gujarat@gmail.com>, bij pramaanan <gsscatech5@gmail.com>, "gsamboard@yahoo.co.in" <gsamboard2014@yahoo.com>
Cc: "Dilip Soni(GoG-Agriculture Dept.)" <ds-esta-agri@gujarat.gov.in>

Respected Sir,

Please find the attached file herewith.

Office of the Registrar
AAU ANAND
INWARD NO. 3209

***M. KIRANCHANDRA***
***Section Officer ( M-3)***
***Agriculture,Farmer Welfare & Co-Operation Department***
***Ph-232 50849***

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

**K_2373_05-Jun-2020_77.PDF**
218K

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

કોવીડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુનઃવેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવા બાબત..

**નકલ સવિનય રવાના જાણ સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ સારૂ.

કુલસચિવ

નં. આકૃયુ/રજિ/સંકલન/ 30૮૨/૨૦૨૦
તા.23/૦૬/૨૦૨૦

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
(૨) આ કચેરીની તમામ કચેરીઓ તરફ જાણ સારૂ.

કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુન:વેગવંતુ કરવા માટે **ગુજરાત આત્મનિર્ભર પેકેજ** જાહેર કરવા બાબત.

INWARD NO. 3209

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક
સચિવાલય, ગાંધીનગર
તા:૦૫-૦૬-૨૦૨૦

**આમુખ:**

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ને રાજ્યમાં વધુ ફેલાતી અટકાવવા માટે સમગ્ર રાજ્યમાં બે માસ લોકડાઉન કરવામાં આવેલ જેને લીધે કોરોનાનો ફેલાવો અન્ય વિકસિત દેશોની સરખામણીમાં ઘણો ઓછો થયો છે તે હકીકત છે. પરંતુ લોકડાઉનના કારણે રાજ્યની અર્થવ્યવસ્થા ઉપર વિપરીત અસર થયેલ છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ગુજરાતની આર્થિક પ્રગતિનો વેગ ધીમો ન પડે અને રાજ્યના વિકાસની ગતિ જળવાઇ રહે તે માટે વેપાર, ધંધા, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોને મદદરૂપ થવા માટે આર્થિક પગલાં લેવા અંગેની બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી. સ્વરોજગારદારો, નાના વેપારીઓ, વ્યવસાયકારો, ખેડૂતો, મત્સ્ય પાલકો, શ્રમિકો, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગકારો, ટ્રાન્સપોર્ટ વ્યવસાયિકો એવા રાજ્યના અર્થતંત્રના દરેક ઘટકને ચેતનવંતુ બનાવવાનો આશય આ વિચારણામાં કેન્દ્ર સ્થાને હતો. તેમજ કોવીડ-૧૯ મહામારીની અસાધારણ પરિસ્થિતિમાં કેટલીક પ્રજાલક્ષી યોજનાઓને પુનઃસ્વરૂપ આપવું પણ જરૂરી હોવાથી તમામ બાબતોને સાંકળીને પુખ્ત વિચારણાને અંતે **રૂ.૧૪૦૨૨.૨૬ કરોડનું ગુજરાત આત્મનિર્ભર પેકેજ** જાહેર કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

રાજ્યના દરેક વર્ગના નાગરિકોને આર્થિક મદદ કરવાના હેતુથી **ગુજરાત આત્મનિર્ભર પેકેજ** અંતર્ગત નીચે મુજબની યોજનાઓ જાહેર કરવામાં આવે છે.

**પ્રોપર્ટી ટેક્ષ, વીજ બીલ અને વાહનના કરમાં માફી અને રાહતો (રૂ.૨૩૦૦ કરોડ)**

૧. વાણિજ્યિક એકમોને વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્સના ચુકવણામાં ૨૦%ની માફી આપવામાં આવશે. રૂ. ૬૦૦ કરોડની આ માફીનો લાભ રાજ્યના અંદાજિત ૨૩ લાખ વાણિજ્યિક એકમોને મળશે. જે મિલકતદારોએ વર્ષ ૨૦૨૦-૨૧ના વાણિજ્યિક

પ્રોપર્ટી ટેક્સની ચૂકવણી કરેલ છે તેવા મિલકતદારોને આ નિર્ણયથી માફ કરવામાં આવેલ ૨૦%ની રકમ પરત આપવામાં આવશે.

૨. શહેરી વિસ્તારના તમામ રહેણાંક મિલકતોના વર્ષ ૨૦૨૦-૨૧ના ભરવાના થતા પ્રોપર્ટી ટેક્સ જો ૩૧ જુલાઈ ૨૦૨૦ સુધી ચુકવવામાં આવશે તો ૧૦%ની માફી આપવામાં આવશે. જે મિલકતદારોએ વર્ષ ૨૦૨૦-૨૧ના રહેણાંક પ્રોપર્ટી ટેક્ષની ૧૦૦ ટકા ચૂકવણી કરેલ છે. તે મિલકાતદારોને ૧૦ ટકા રકમ પરત આપવામાં આવશે. જેનો લાભ અંદાજીત ૭૨ લાખ પ્રોપર્ટી ધારકોને થશે અને તેમને રૂ.૧૪૪ કરોડની રાહત મળશે.

૩. માસિક ૨૦૦ યુનિટ કરતા ઓછો વીજ વપરાશ કરનાર રહેણાંક વીજ ગ્રાહકોનું ૧૦૦ યુનિટનું વીજળી બીલ એક વખત માટે માફ કરવામાં આવશે. આથી રૂ.૬૦૦ કરોડના વીજ બીલ માફીનો લાભ રાજ્યના આશરે ૯૨ લાખ વીજ ગ્રાહકોને મળશે.

૪. અંદાજે ૩૩ લાખ વાણિજ્યિક વીજ ગ્રાહકો અને ઉદ્યોગો માટે LT વીજ કનેકશન ધરાવતા વીજ ગ્રાહકોને વીજ બિલમાં મે-૨૦૨૦નો ફિક્સ્ડ ચાર્જ માફ કરવાનો નિર્ણય કર્યો છે. જેનાથી કુલ રૂ.૨૦૦ કરોડનો ચાર્જ માફ કરવામાં આવશે.

૫. વીજળીનું HT (ઔદ્યોગિક) કનેકશન ધરાવતા વીજ ગ્રાહકોને મે ૨૦૨૦ના ફિક્સ ચાર્જિસનું રૂ.૩૫૦ કરોડનું ભારણ હાલમાં ન પડે તે હેતુથી આ ફિક્સ ચાર્જિસના ચુકવણા માટે મુદત વધારી સદર રકમ સપ્ટેમ્બર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦ એમ ચાર મહિનામાં વ્યાજ વગર સરખા ભાગે ચુકવવાની છુટ આપવામાં આવે છે.

૬. વિવિધ નાની દુકાનો જેવી કે કરીયાણા, કાપડ, રેડીમેઇડ કપડા, મેડીકલ સ્ટોર, હાર્ડવેર, કલરકામ, પ્રોવિઝનલ સ્ટોર, કટલરી, બેકરી, સ્ટેશનરી, મોબાઇલ શોપ્સ, ગેરેજ, શોપીંગ સેન્ટરો અને મોલમાં આવેલ દુકાનો તેમજ વિવિધ સેવાઓ જેવી કે વકીલો, ચાર્ટેડ એકાઉન્ટ, ટ્રાવેલ એજન્સીઓ, ટાન્સપોર્ટની ઓફિસો, કોચીંગ કલાસ, ફોટો સ્ટુડીઓ, બ્યુટી પાર્લર, સલુન ચલાવતા દુકાનદારોને કોરોના મહામારીના સમયમાં લોકડાઉનના કારણે આવક થયેલ ન હતી. આથી તેમને આર્થિક રાહત આપવાના હેતુથી જુન, જુલાઇ અને ઓગષ્ટ એમ ત્રણ મહિના માટે લાગતો વીજકર ૨૦ ટકાથી ઘટાડી ૧૫ ટકા કરવામાં આવશે. આનો લાભ રાજ્યના ૩૦ લાખ જેટલા દુકાનદારો / વેપારીઓ / કારીગરોને મળશે. આ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રૂ.૮૦ કરોડની આર્થિક રાહત આપવામાં આવશે.

૭. લોક ડાઉનના કારણે નાગરિકોને પરિવહન માટે નિયંત્રણ હોવાથી ખાનગી લક્ઝરી બસો (કોન્ટ્રાકટ કેરેજ બસો) તથા જીપ, ટેક્ષી (મેક્સી કેબ) વગેરેના ધંધાને ઘણી મોટી અસર

થયેલ છે. આવા સંજોગોમાં તેમને ૧ એપ્રિલ–૨૦૨૦ થી ૩૦ સપ્ટેમ્બર–૨૦૨૦ સુધીના ૬ મહિનાના મોટર વ્હીકલ ટેક્ષ (રોડ ટેક્ષ) ભરવામાં સંપૂર્ણ માફી આપવામાં આવશે. જે અંતર્ગત ૬૩ હજાર વાહન ધારકોને રૂ. ૨૨૧ કરોડની રોડ ટેક્ષ માફી મળશે.

૮. માલવાહક ટ્રકો અને ટેમ્પો (ગુડ્સ વ્હિકલ) માલિકોને કોરોના પરિસ્થિતિમાં થયેલ આર્થિક નુકસાનને ધ્યાને લેતાં ૧ એપ્રિલ–૨૦૨૦થી ૩૧ મે–૨૦૨૦ સુધીના બે મહિનાના સમયગાળા માટે ગુડ્સ મોટર વ્હીકલ ટેક્ષ (રોડ ટેક્ષ) ભરવામાં માફી આપવામાં આવશે. જે અંતર્ગત અંદાજે ૨,૮૦,૦૦૦ વાહન માલિકોને રોડ ટેક્ષમાં રૂ.૧૦૦ કરોડની માફી મળશે.

૯. રાજ્યના માર્ગ અને મકાન, સિંચાઇ, પાણી પુરવઠા અને નર્મદા જેવા વિભાગોના સરકારી કામો માટે કોન્ટાક્ટરોને હંગામી ધોરણે વીજ કનેકશન આપવામાં આવે છે. લોકડાઉન દરમ્યાન પ્રોજેક્ટનું કામ બંધ હોવાથી આ દરમિયાન ચાર્જ કરવામાં આવેલ ફિક્સ્ડ વીજ બિલને માફ કરીને રૂ.૫ કરોડની સહાય આપવામાં આવશે.

**ઉદ્યોગ વ્યવસાયો માટે પ્રોત્સાહક સબસીડી (રૂ.૩૦૩૮ કરોડ)**

૧. કોવિડ–૧૯ ની મહામારીની પરિસ્થિતિને કારણે ધીમી પડી ગયેલ ઔદ્યોગિક પ્રવૃત્તિને વેગવંતી બનાવવા માટે રૂ.૭૬૮ કરોડની કેપીટલ અને વ્યાજ સબસીડીનું ૩૧ જુલાઇ, ૨૦૨૦ સુધીમાં ચૂકવણું કરવામાં આવશે. જેના કારણે ઉદ્યોગોને નાણાભીડમાંથી મોટી રાહત થશે.

૨. રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે ટેક્ષટાઇલ ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેમજ વિપુલ પ્રમાણમાં રોજગારી પુરી પાડે છે. આવા ટેક્ષટાઇલ ઉદ્યોગોને રૂ.૪૫૦ કરોડ કેપીટલ અને વ્યાજ સબસીડીનું ચૂકવણું ૩૧ જુલાઇ, ૨૦૨૦ સુધીમાં કરવામાં આવશે.

૩. કોવિડ–૧૯ની મહામારીની વિકટ પરિસ્થિતિમાં રાજ્યના તમામ પ્રકારના ઔદ્યોગિક એકમોને લાભ મળી રહે તે જરૂરી છે. જે અન્વયે મેગા ઇન્ડસ્ટ્રીઝને પણ રૂ.૧૫૦ કરોડ કેપીટલ અને વ્યાજ સબસીડીનું ૩૧ જુલાઇ, ૨૦૨૦ સુધીમાં ચૂકવણું કરવામાં આવશે.

૪. રાજ્યના ૩૨૦૦ કરતા વધુ વેપારીઓને રૂ.૧,૨૦૦ કરોડનું પડતર વેટ અને GST રિફંડ ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં ચુકવવામાં આવશે જેથી આ વેપારીઓને નાણાંભીડમાંથી રાહત મળશે.

૫. રાજ્યના ૨૭ હજારથી વધુ ઉદ્યોગ સાહસિકોને બાજપેયી બેન્કેબલ યોજનામાં રૂ.૧૯૦ કરોડની સબસીડીની રકમ ૩૧ જુલાઇ, ૨૦૨૦ સુધીમાં ચુકવવામાં આવશે.

૬. સોલાર રૂફ ટોપ યોજના હેઠળની ૬૫૦૦૦ કુટુંબો માટેની રૂ.૧૯૦ કરોડની સબસીડી ૩૧ જુલાઇ, ૨૦૨૦ સુધીમાં આપવામાં આવશે.

૭. ગુજરાત એગ્રો-ઈન્ડસ્ટ્રીઝ કાર્પોરેશનના માધ્યમથી એગ્રો અને ફુડ પ્રોસેસીંગ એકમોને રૂ.૯૦ કરોડની કેપીટલ અને વ્યાજ સબસીડી ૩૧ જુલાઇ, ૨૦૨૦ સુધીમાં આપવામાં આવશે.

**વેટ-જીએસટી કાયદા હેઠળ વહીવટી સરળતાઃ**

૧. ગુજરાત વેટ કાયદા હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ અને તા.૦૧.૦૪.૨૦૧૭ થી તા.૩૦.૦૬.૨૦૧૭ સુધીની આકારણીની કામગીરીમાં રૂા.૧૦ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓના કિસ્સામાં આકારણી માટે આપવામાં આવેલ નોટીસ પરત ખેંચવામાં આવશે. આ વેપારીઓ પૈકી આંતરરાજ્ય વેચાણો ધરાવતા વેપારીઓના કિસ્સામાં કેન્દ્રીય કાયદા મુજબ માત્ર ધારાકીય ફોર્મ પુરતી જ આકારણી હાથ ધરાશે. આ પગલાંથી ૧,૦૦,૦૦૦ થી વધુ કરદાતાઓને લાભ થશે. પરંતુ અન્વેષણના કેસો, બોગસ બિલિંગના કેસો, વેરાશાખમાં વિસંગતતા હોય તેવા કેસો, રિફંડના કેસો, જે કિસ્સાઓમાં અગાઉ મોટી રકમનું માંગણું ઉપસ્થિત થયેલ હોય તેવા કેસો અને જે કિસ્સામાં મોટી રકમની વેરાશાખ જી.એસ.ટી.માં તબદીલ કરી હોય તેવા તમામ કેસોમાં નિયમિત આકારણી હાથ ધરાશે.

૨. વેરા સમાધાન યોજના-૨૦૧૯ હેઠળ જે વેપારીઓએ ૧૫ માર્ચ, ૨૦૨૦ સુધી પ્રથમ હપ્તો ભર્યો છે તેઓને ત્રણ માસની મુદત વધારી આપવામાં આવશે. આ યોજનાથી આશરે ૨૬,૦૦૦ વેપારીઓને લાભ મળશે.

૩. વેટ અને કેન્દ્રીય કાયદાકીય જોગવાઇઓ હેઠળની લોકડાઉન દરમ્યાન પૂરી થતી મર્યાદાઓ અને મનાઇ હુકમોની મુદત લંબાવવામાં આવશે.

**ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતોમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતા (રૂ.૪૫૮.૫૯ કરોડ)**

૧. જીઆઇડીસીના ઉદ્યોગકારોના બાકી લ્હેણા માટે વન-ટાઇમ-સેટલમેન્ટ યોજના અમલમાં મૂકવામાં આવશે. આ યોજના અંતર્ગત, ઉદ્યોગકારોએ તેઓના તમામ વિલંબિત ચુકવણાના વ્યાજની રકમમાં ૫૦% માફી અને દંડનીય વ્યાજની રકમમાં ૧૦૦% માફી મેળવવા માટે તમામ ચુકવણા ચોક્કસ સમયમર્યાદામાં ભરપાઈ કરવાના રહેશે. આ યોજનાથી ઉદ્યોગકારોને રૂપિયા ૧૩૩ કરોડની રાહત મળશે.

૨. જીઆઇડીસીના નોટીફાઇડ વિસ્તારના ઉદ્યોગકારોએ તેઓના તમામ વિલંબિત ચુકવણાના વ્યાજ ઉપર ૫૦ ટકા વ્યાજ માફી મેળવવા માટે તમામ ચુકવણા ચોક્કસ સમયમર્યાદામાં ભરપાઈ કરવાના રહેશે. આ યોજના અંતર્ગત ૧૫,૩૧૫ ઉદ્યોગકારોને રૂ.૯૫ કરોડની રાહત મળશે.

૩. જી.આઇ.ડી.સી. દ્વારા પ્રતિ વર્ષ ૨ ટકા લેખે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માટે કોઈ વણવપરાશી રહેલ પ્લોટનો દંડ વસુલ લેવાનો રહેશે નહી. સદર નીતિથી અંદાજે રૂ.૬૦ કરોડની રાહત આપવામાં આવશે. જેનો ૩૭૩૩ ઉદ્યોગકારોને લાભ મળશે.

૪. જીઆઇડીસીમાં આવેલ યુનિટ કે જે બે વર્ષ કરતાં વધુ સમય માટે બંધ રહેલ હોય તો વણવપરાશી દંડ પ્રતિ વર્ષ ૨૦ ટકાના સ્થાને ફક્ત ૫ ટકા વસુલ કરવામાં આવશે. વધુમાં આ પ્રકારના કિસ્સાઓમાં તબદીલી ફી ઓછી કરી ૧૫ ટકાના સ્થાને ૧૦ ટકા વસુલવામાં આવશે. જે અન્વયે ૧૯૯૧ ઉદ્યોગકારોને રૂ.૪૦.૪૨ કરોડનો લાભ મળશે.

૫. જીઆઈડીસીને ફાળવણીદારો દ્વારા ભરપાઈ કરવાના થતા તા.૩૧-૦૩-૨૦૨૦ તથા તા.૩૦-૦૬-૨૦૨૦ના હપ્તાની ચુકવણીનો સમયગાળો છ મહિના માટે લંબાવી આપવામાં આવશે. વધુમાં, માર્ચ થી જુનનો સમયગાળો સૌથી વધુ અસરગ્રસ્ત હોઈ સદર ત્રિ-માસિક સમયગાળા માટે વિલંબિત ચુકવણીના વ્યાજ તથા દંડનીય વ્યાજની વસુલાત કરવામાં આવશે નહિ. આ નિર્ણયથી ઉદ્યોગોને રૂ.૨૬.૮૦ કરોડની રાહત મળશે. જી.આઈ.ડી.સી. દ્વારા બાકીના સમયગાળા માટે વિલંબિત ચુકવણીના વ્યાજની વસુલાત ૭%ના રાહત દરે કરવામાં આવશે જેનાથી ઉદ્યોગોને રૂ.૧૪.૩૦ કરોડની રાહત મળશે. જેનાથી ૩૧૦૦ ઉદ્યોગકારોને લાભ થશે.

૬. લોકડાઉનની પરિસ્થિતિના કારણે જીઆઇડીસી દ્વારા કેટલાક ઉદ્યોગકારો ફાળવેલ પ્લોટના આંશિક /કુલ રકમ ભરપાઇ કરી શકેલ નથી. સદર ફાળવેલ પ્લોટ ઉપરની વિલંબીત વ્યાજ માફીની સમયમર્યાદા ૩૦ જુન, ૨૦૨૦ સુધી વધારી આપવામાં આવશે. જેનાથી ૫૧૮ ફાળવેલ પ્લોટના લાભાર્થીઓને રૂ.૩.૩૧ કરોડની રાહતનો લાભ મળશે.

૭. વર્ષ ૨૦૨૦-૨૧ માટેની જીઆઇડીસી દ્વારા પ્લોટની ફાળવણીની કિંમતની સમીક્ષા સ્થગિત રાખવામાં આવશે. આ નિર્ણયથી ૭૨૭ નવા ઉદ્યોગ સાહસિકોને જમીન સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવી શકાશે જેનાથી અંદાજે રૂ. ૩૮.૯૮ કરોડની રાહત મળશે. વધુમાં, આ નિર્ણયથી જીઆઇડીસીની વસાહતોમાં હયાત ઉદ્યોગોને

ફાળવણીદર આધારિત વિવિધ ફી તથા ચાર્જીસમાં અંદાજિત રૂ.૨૧.૪૫ કરોડની રાહત મળશે. જેના થકી ૨૭૦૦ ઉધોગકારોને લાભ મળશે.

૮. જીઆઇડીસી દ્વારા નવા ઉધોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી નવા ઉધોગોને જમીનની કિંમતની ચુકવણીમા સુવિધા મળી રહે તે માટે ત્રિમાસિક હપ્તાઓમાં ચુકવણુ કરવાની સુવિધા આપવામાં આવે છે. અગ્રણી રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા સુક્ષ્મ, લઘુ તથા મધ્યમ કદના ઉધોગોને કરવામાં આવતા ધિરાણના સરેરાશ વ્યાજ દરને ધ્યાને લેતાં નિગમ દ્વારા હાલના વ્યાજ દરને ૧૨% થી ઘટાડીને ૧૦% કરવામાં આવશે. જેનાથી ૭૨૭ ઉધોગકારોને લાભ થશે. સદર ઘટાડાથી રૂ.૧૬.૧૨ કરોડની વ્યાજની રાહત આપવામાં આવશે.

૯. ઉધોગોને માસિક પાણીના વપરાશના બીલના ચુકવણા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવે છે. કોવિડ-૧૯ને કારણે જીઆઇડીસીએ પાણીના બીલો પરના વ્યાજ તેમજ દંડનીય વ્યાજ માફ કરવાનો નિર્ણય કરેલ છે. માર્ચ અને એપ્રિલ-૨૦૨૦ના પાણીના બીલો પરના વ્યાજ તથા દંડનીય વ્યાજની રકમ રૂ.૧.૩૨ કરોડ થાય છે. જે પૈકી નોટીફાઇડ વિસ્તારમાં સમાવિષ્ટ ઉધોગોના પાણીના બીલો પરના વ્યાજ તેમજ દંડનીય વ્યાજ રૂ. ૦.૫૨ કરોડ થાય છે, જેનો લાભ ૧૯૨૬૭ ઉધોગોને મળવાપાત્ર થશે.

૧૦. કોવિડ-૧૯ને કારણે ઉદભવેલ પરિસ્થિતિમાં આપવામાં આવેલ માર્ગદર્શિકાને સંતોષવા માર્ચ- ૨૦૨૧ અથવા સુધારેલ સૂચનાઓ મળે એ બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી જીઆઇડીસી દ્વારા મજુરોને રહેણાંકની સુવિધા માટે જે તે ઔધોગિક પ્લોટ ઉપર હંગામી ધોરણે વ્યવસ્થા ઊભી કરવાની મંજૂરી આપવામાં આવશે.

૧૧. જીઆઇડીસી દ્વારા ઉધોગકારોને પ્લોટની ફાળવણી કરવામાં આવે છે, જેમાં ઉધોગકારને પ્લોટનો વપરાશ શરૂ કરવા ૩-૪ વર્ષનો સમયગાળો આપવામાં આવે છે. જો સદર મોરેટોરિયમ પીરીયડ દરમિયાન કોઇ કારણસર મિલકતનો ઉપયોગ કરવામાં આવેલ ન હોય તો ઉધોગકાર દ્વારા મિલકતના વપરાશની સમયમર્યાદા વધારી આપવા જીઆઇડીસીને રજૂઆત કરવામાં આવે છે. આ પ્રકારના કિસ્સાઓમાં જીઆઇડીસી મોરેટોરિયમ પીરીયડ ૧-૨ વર્ષ વણવપરાશી દંડની રકમ વસુલ લઇ વધારી આપે છે. ચાલુ નાણાંકીય વર્ષમાં જીઆઇડીસી આ પ્રકારની તમામ મિલકતોનો વપરાશ શરૂ કરવા માટે મોરેટોરિયમ પીરીયડ ૧ વર્ષ વધારી આપવામાં આવશે.જેના કારણે ૩૫૨ ઉધોગકારોને રૂ. ૭.૮૯ કરોડની રાહત મળશે.

૧૨. હાલમાં જીઆઇડીસીના ૧૬૩૫ ઔદ્યોગિક પ્લોટનો મોરેટોરિયમ પીરીયડ પૂર્ણ થઇ ગયેલ છે કે જે ખુલ્લા હોય અથવા ઉત્પાદન શરૂ કરવાનુ બાકી છે તેવા ઉદ્યોગકારો ઉત્પાદન તા.૩૧-૦૩-૨૦૨૨ સુધીમાં શરૂ કરે તે માટે ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા વણવપરાશી દંડમાં માફીનો લાભ મેળવી શકે છે. જો ઉદ્યોગકાર તેમ કરવામાં નિષ્ફળ જાય છે તો તેવા સંજોગોમાં તમામ વણવપરાશી સમયગાળા માટે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવશે.

૧૩. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે સારૂ જીઆઇડીસી દ્વારા ૩૦૦૦ ચો.મી. સુધીના પ્લોટ ફાળવણી માટેની મળતી ઓનલાઇન અરજીઓને સમિતિ સમક્ષ મૂકયા વગર રજૂ કરાયેલ દસ્તાવેજી પૂરાવા આધારિત ફાળવણીની મંજૂરી આપવામાં આવશે. જેથી ૧૪૨૮ લાભાર્થીઓને લાભ મળશે.

૧૪. જીઆઇડીસીમાં આવેલ અનસેચ્યુરેટેડ વસાહતોમાં લગત પ્લોટ ફાળવણી માટે મળતી અરજીઓમાં વસાહતની પ્રવર્તમાન વિતરણ કિંમતના ૨૦ ટકા પ્રીમિયમ એકીસાથે વસૂલ લઇ ફાળવણી કરવામાં આવે છે. આ વસાહતોમાં કોઇપણ પ્રકારનું વધારાનું પ્રીમિયમ વસૂલ્યા સિવાય ઉદ્યોગકારોને તેમના ઉદ્યોગોના વિસ્તરણ માટે લગત પ્લોટની ફાળવણી વસાહતના પ્રવર્તમાન વિતરણ દર મુજબ કરવામાં આવશે.

**હાઉસિંગ સેક્ટર (રૂ.૧૦૦૦ કરોડ)**

૧. હાઉસિંગ ક્ષેત્ર રાજ્યની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. આ ક્ષેત્રમા થતા કામોથી લોકોને ઘર નું ઘર તો મળે જ છે સાથે સાથે કડિયા કામ, સુથારીકામ, રંગકામ. ટાઇલ્સનું કામ, ફર્નિચર એવા અનેકવિધ કામો દ્વારા લાખો લોકોને રોજગારી પણ મળે છે. તદુપરાંત સિમેન્ટ, સ્ટીલ અને અન્ય રો–મટિરિયલના ઉત્પાદન અને વપરાશથી અર્થવ્યવસ્થા મજબૂત થાય છે. આથી, બાંધકામ પ્રવૃત્તિને વેગ આપવા એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રમાં એક લાખ સાઇઠ હજાર મકાનો માટે રૂપિયા ૧૦૦૦ કરોડની સબસિડી આપીને આ ક્ષેત્રને ચેતનવંતુ બનાવવામાં આવશે.

**કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ (રૂ.૧૧૯૦ કરોડ)**

૧. રાજ્યના ૨૪ લાખ ખેડૂતોને ૩૯ હજાર કરોડ રૂપિયાનું ટુંકી મુદતનું પાક ધિરાણ શુન્ય ટકા વ્યાજ દરે સહકારી બેન્કો, રાષ્ટ્રીય કૃત બેન્કો વગેરે મારફતે આપવામાં આવે છે. તેનું સંપૂર્ણ ૭% વ્યાજ સરકાર (૪% ગુજરાત સરકાર અને ૩% ભારત સરકાર) ચુકવે છે. લોકડાઉનના કારણે આ ધિરાણના રી–પેમેન્ટની મુદત સરકાર દ્વારા પાંચ

મહિના વધારી આપવામાં આવેલ છે. જે માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૧૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૨. દેશી ગાય આધારિત કુદરતી ખેતી માટે ખેડુતને દર મહિને રૂ.૯૦૦ લેખે અને વાર્ષિક રૂ.૧૦,૮૦૦ પ્રમાણે કુલ રૂ.૬૬.૫૦ કરોડની આર્થિક સહાય આપવામાં આવશે. જે અંતર્ગત ૬૧,૫૭૪ ખેડુતોને સહાય કરવામાં આવશે.

૩. કૃષિ અર્થતંત્રને વેગ આપવાના હેતુ સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જિવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને નિદર્શન કિટમાં ૭૫ ટકા સહાય આપવા રૂ.૧૩.૫૦ કરોડ ફાળવવામાં આવશે. જેનાથી એક લાખ ખેડુતોને લાભ થશે.

૪. વિવિધ કુદરતી પરિબળોથી પાક ઉત્પાદન બાદનું નુકસાન અટકાવી કૃષિ અર્થવ્યવસ્થાને વધુ મજબુત બનાવવા મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરમાં નાના ગોડાઉન (ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર) બનાવવા માટે એકમ દીઠ રૂ.૩૦,૦૦૦ સહાય આપવા રૂ.૩૫૦ કરોડ ફાળવવામાં આવશે.

૫. ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે રૂ.૫૦ હજાર થી ૭૫ હજાર સુધીની સહાય આપવા માટે રૂ.૫૦ કરોડ ફાળવવામાં આવશે.

૬. કુદરતી આફતો સમયે ખેતપેદાશોનો રક્ષણ માટે બજાર સમિતિઓને ૫૦૦૦ મેટ્રિક ટન સુધીની ક્ષમતા ધરાવતા ગોડાઉન બનાવવા સહાય આપવા માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવવામાં આવશે.

૭. તાજેતરમાં ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ યોજનાને અનુરૂપ મત્સ્ય ઉદ્યોગ માટે જરૂરી ફિશીંગ નેટ, ફિશીંગ બોટ, મત્સ્ય બીજ વગેરે ૪૦ ઇનપૂટ સાધનો ખરીદવા માટે રૂ.૨૦૦ કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. આમ, પેકેજને પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના સાથે સાંકળીને આ ક્ષેત્રે રાજ્યમાં રોજગારીની વિપુલ તકો ઊભી કરવામાં આવશે.

**સ્વરોજગાર (રૂ.૫૨૫ કરોડ)**

૧. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ હેઠળ નાના વેપારીઓ, મધ્યમ વર્ગની વ્યક્તિઓ, કારીગરો તથા શ્રમિકોને રૂપિયા ૧ લાખથી વધુ અને મહત્તમ રૂપિયા ૨.૫૦ લાખની મર્યાદામાં સહકારી બેંકો તથા ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી મારફત ધિરાણ પ્રાપ્ત થશે. રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક ૪ ટકા વ્યાજ સહાય આપવામાં આવશે, જ્યારે બાકીના ૪ ટકા વ્યાજ લાભાર્થીએ ચૂકવવાનું રહેશે. સદર ધિરાણ લાભાર્થીઓને ત્રણ વર્ષ ની મુદત માટે આપવામાં આવશે, જે પૈકી પ્રથમ છ

માસ નો સમયગાળો મોરેટોરીયમ પિરિયડ ગણાશે. આથી લાભાર્થીને ૬ માસ દરમિયાન કોઈ હપ્તો ભરવાનો રહેશે નહીં. ત્યારબાદ લાભાર્થી દ્વારા ધિરાણની રકમ ૪ ટકાના વ્યાજ સહિત ૩૦ સરખા માસિક હપ્તામાં પરત ચૂકવવાની રહેશે. આ માટે રૂા. ૩૦૦ કરોડ ફાળવવામાં આવશે.

૨. મહિલાઓને સ્વરોજગારી માટે પ્રોત્સાહન આપવા મહિલા ઉત્કર્ષ જૂથને ઝીરો ટકા દરે લોન મળી રહે તે માટે વ્યાજ સહાય આપવા રૂ.૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૩. ૩૨ હજારથી વધુ લાભાર્થીઓને સ્વરોજગાર મળે તે હેતુથી માનવ ગરિમા યોજનાની કીટનું વિતરણ કરવામાં આવશે જેનો અંદાજિત ખર્ચ રૂા.૨૫ કરોડ થશે.

## શ્રમિક કલ્યાણ (રૂ.૪૬૬ કરોડ)

૧. આદિવાસી ખેતમજૂરો કે આદિવાસી બાંધકામ શ્રમિકો પોતાના વતનમાંથી અન્ય જીલ્લામાં રોજગારી મેળવવા માટે જાય છે. જે આદિવાસી શ્રમિકોને પોતાનું આવાસ નથી તેવા શ્રમિકોને વતનમાં પાકુ ઘર બનાવવા માટે લાભાર્થીદીઠ રૂ. ૩૫૦૦૦ સબસીડી આપવામાં આવશે. ૧ લાખ લાભાર્થીઓ માટે રૂ. ૩૫૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૨. લારીવાળા નાના વ્યવસાયકારોને ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ મળી રહે તે માટે તથા તેમની લારીઓમાં રાખવામાં આવતાં ફળફળાદી, શાકભાજી બગડી ન જાય તે માટે મોટી સાઇઝની છત્રીઓ આપવા માટે રૂ.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૩. અમદાવાદ,સુરત,વડોદરા અને રાજકોટના અંદાજે ૧,૨૦,૦૦૦ બાંધકામ શ્રમિકોને કડિયાનાકા તેમજ કામના સ્થળે સિટી બસ મારફતે આવવા-જવા માટે મુસાફરી ખર્ચમાં સહાય આપવા રૂ.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૪. ધન્વન્તરી આરોગ્ય રથ યોજના અંતગર્ત બાંધકામ શ્રમિકોને આરોગ્ય વિષયક સુવિધાઓ માટે વધુ ૨૦ આરોગ્ય રથની સુવિધા પુરી પાડવા રૂ.૨૫ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૫. બાંધકામ શ્રમિકોના પત્ની તેમજ મહિલા બાંધકામ શ્રમિકોને બે બાળકો સુધી પ્રસૂતિ સહાય પેટે કુલ રૂ.૨૭,૫૦૦ આપવા માટે રૂ.૬ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૬. રાજ્યમાં મોટાપ્રમાણમાં અન્ય રાજ્યોમાંથી શ્રમિકો રોજગારી અર્થે આવે છે. બે માસના લોકડાઉનના કારણે આ પ્રવાસી શ્રમિકોને તેમના વતનમાં પરત મોકલવા માટે રૂ. ૨૫ કરોડ ફાળવવામાં આવેલ.

**અન્ય રાહતો (રૂ.૫૦૪૪.૬૭ કરોડ)**

૧. કોરના વાઈરસની અસામાન્ય પરીસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા પ્રજા હિતને પ્રાધ્યાન્ય આપીને તબક્કાવાર રાહતના સંખ્યાબંધ પગલાઓ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગરીબ કુટુંબોને મફત અનાજ, ગરીબ કુટુંબોના બેંક ખાતામાં ડી.બી.ટી.થી રૂપિયા ૧૦૦૦ નું ચુકવણું, વૃધ્ધ સહાય પેન્શન, દિવ્યાંગ પેન્શન, વિધવા સહાય પેન્શનનું આગોતરું ચુકવણુ વગેરે અનેકવિધ રાહતોનો સમાવેશ થાય છે. સદર રાહતો માટે રૂ.૪૩૭૪.૬૭ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જેની વિગતો **પરિશિષ્ટ-૧** આ સાથે સામેલ કરેલ છે.

૨. પ્રોટીનયુકત આહાર મળી રહે તે માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીદીઠ વાર્ષિક ૧૨ કિલોગ્રામ તુવેરદાળનું રાહત દરે વિતરણ કરવા માટે રૂ.૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

૩. કોવિડ-૧૯ પરિસ્થિતિનો સામનો કરવા માટે મુખ્ય મંત્રી રાહત નિધીમાંથી આરોગ્ય વિભાગને રૂ.૧૦૦ કરોડ ફાળવવામાં આવશે. તેમજ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મહાનગર પાલિકાઓને અનુક્રમે રૂ.૫૦ કરોડ, રૂ.૧૫ કરોડ, રૂ.૧૦ કરોડ અને રૂ.૧૦ કરોડ ફાળવવામાં આવશે. જ્યારે ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગર પાલિકાને પ્રત્યેકને રૂ.૫ કરોડ ફાળવવામાં આવશે.

૪. કોવિડ-૧૯ પરિસ્થિતિને કારણે રાજ્યની જાહેર પરિવહન સેવાને પણ ગંભીર આર્થિક અસર થયેલ છે. લોકડાઉનના નિયંત્રણો પછી સોશીયલ ડિસ્ટન્સીંગના નિયમોનુ પાલન કરી જાહેર સેવા આપવાની થાય છે જેના કારણે એસ.ટી.ને સહાય સ્વરૂપે રૂ.૧૨૦ કરોડ ફાળવવામા આવશે.

૫. મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના સિરામિક ટાઇલ્સ ઉદ્યોગમાં મુખ્યત્વે પ્રાકૃતિક ગેસનો ઉપયોગ થાય છે. ગેસના દરોમાં જૂન માસ માટે રાહત આપવામાં આવશે. જેથી હજારોની સંખ્યામાં રોજગારી આપતા આ એકમો ધમધમતા બનશે. આ માટે રૂ. ૩૦ કરોડ ફાળવવામાં આવશે.

૬. અલંગ શીપયાર્ડમાં વાર્ષિક લીઝ રકમમાં ચાલુ વર્ષ માટે ૩૦ ટકાની માફી આપવામાં આવશે. જેનાથી રૂ.૨૦ કરોડનો લાભ મળશે.

૭. રાજયની ઉદ્યોગ નીતિ, પ્રવાસન નીતિ, ટેકસટાઇલ નીતિ, એમ.એસ.એમ.ઇ. નીતિ તથા અન્ય પ્રવર્તમાન નીતિઓ જે રિન્યુઅલ માટે ડયુ છે તે તમામ નીતિઓને સરકારશ્રીના પરામર્શ પછી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી અથવા સબંધિત નવી નીતિ અમલમાં મુકાય ત્યાં સુધી લંબાવવા નિર્ણય કરવાનો રહેશે.

૮. સરકારી વિભાગો તેમજ સત્તા મંડળો દ્વારા આપવામાં આવેલ વિવિધ પ્રકારની મંજૂરીઓ અને પરવાનાઓ જે રિન્યુઅલ માટે ડયુ છે તે તમામ મંજૂરીઓ / પરવાનાઓની મુદત સરકારશ્રીના પરામર્શ પછી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી લંબાવવા નિર્ણય કરવાનો રહેશે.

ઉકત તમામ યોજનાઓને સમાવિષ્ટ કરતા ગુજરાત આત્મનિર્ભર પેકેજની સેકટર વાઇઝ વિગતો **પરિશિષ્ટ–૨**માં દર્શાવેલ છે.

આ નિર્ણયોનો તાત્કાલિક અમલ કરવા માટે સંબંધિત વિભાગોએ તે માટેની પધ્ધતિ સરકારશ્રીના પરામર્શમાં નક્કી કરવાની રહેશે. જરૂર જણાય ત્યાં સંબંધિત વિભાગે સ્વતંત્ર પરિપત્ર/ઠરાવ પ્રસિધ્ધ કરવાની અથવા કાયદાકીય સુધારાં/અન્ય આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મિલિન્દ તોરવણે)
સચિવ (આર્થિક બાબતો)
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઈ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, વીમા નિયામકની કચેરી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબસાઇટ ઉપર મૂકવા માટે.
- પસંદગી ફાઇલ, ક શાખા

## પરિશિષ્ટ–૧

નાણા વિભાગના ઠરાવ ક્ર.: અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક, તા.: ૦૫–૦૬–૨૦૨૦નુ બિડાણ.

**કૃષિ અને સહકાર વિભાગ (રૂા. ૧૦૬૦ કરોડ)**

૧. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત ૧૦ લાખ નાના અને મધ્યમ વ્યવસાયિકોને રૂપિયા એક લાખ સુધીના ધિરાણ ઉપર ત્રણ વર્ષ માટે ૬% વ્યાજ રાહત. જે માટે રૂપિયા ૧૦૦૦ કરોડ.

૨. માહે અપ્રિલ–મે માટે ૧૨૨૧ ગૌશાળા અને ૨૧૪ પાંજરાપોળના અંદાજીત ૩.૮૭ લાખ પશુઓ માટે પશુ દીઠ રૂ.૨૫ ની દૈનિક સહાયના ધોરણે રોકડ સહાય. જે માટે રૂ.૬૦ કરોડ

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ (રૂા.૧૬૭૪.૭૧ કરોડ)**

૧. મુખ્ય મંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત ૭૬ લાખ શ્રમિક કુટુંબોના ખાતામાં રૂ.૧૦૦૦ ની સીધી નાણાકીય સહાય. જે માટે રૂ.૭૬૦ કરોડ.

૨. માહે એપ્રિલ, મે અને જુન મહિના માટે ૬૫.૪૦ લાખ NFSA અને અગ્રતાક્રમ સિવાયના ૩.૪૦ લાખ BPL કાર્ડ ધારકોને વિના મૂલ્યે ફૂડ બાસ્કેટનું વિતરણ. જેના માટે રૂ.૩૧૨.૭૧ કરોડ.

૩. માહે એપ્રિલ અને મે મહિના માટે ૬૧.૦૪ લાખ Non-NFSA એ.પી.એલ–૧ કાર્ડ ધારકોને વિના મૂલ્યે ફૂડ બાસ્કેટનું વિતરણ. જે માટે રૂ. ૫૯૦ કરોડ.

૪. માહે એપ્રિલ મહિના માટે ૬ લાખ રેશન કાર્ડ વગરના અને નિરાધાર વ્યક્તિઓને અન્નબ્રહ્મ યોજના અંતર્ગત વિના મૂલ્યે ફૂડ બાસ્કેટનું વિતરણ. જે માટે રૂ.૧૨ કરોડ.

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (રૂા.૬૦૮.૭૪ કરોડ)**

૧. કોરાના મહામારીના સમયમાં આગોતરી રીતે શિષ્યવૃત્તીની રકમ ચૂકવી આપવામાં આવેલ, એવા ૫.૬૬ લાખ વિદ્યાર્થીઓ માટે સહાયની રકમ રૂા.૩૬૧.૨૧ કરોડ.

૨. કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં વૃદ્ધ સહાય પેન્શન યોજનાના ૧૮.૮૮ લાખ લાભાર્થીઓને માસિક પેન્શનની આગોતરી ચૂકવણી કરવામાં આવી. જે માટે રૂા. ૨૪૨.૧૩ કરોડ.

૩. કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં સમાજકલ્યાણ વિભાગ અંતર્ગત નિવાસી છાત્રાલયો, આશ્રમ શાળાઓ, બાળ સુધાર ગૃહો, બંધ રાખવામાં આવેલ હોવાથી તેના આશરે ૩૬ હજાર લાભાર્થીઓને એક મહિનાની નિર્વાહ ભથ્થાની ગ્રાન્ટ રોકડ સ્વરૂપમાં ચૂકવવામાં આવી. જે માટે રૂા.પ.૪૦ કરોડ.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (રૂા. ૨૯૭.૧૭ કરોડ)**

૧. કોરોના પરિસ્થિતિનો સામનો કરવા માટે ડોકટર, આરોગ્ય કર્મીઓ, પોલીસ, હોમગાર્ડ, તથા હેલ્થ સર્વેલન્સમાં જોડાયેલ કર્મચારીઓ માટે માસ્ક, ગ્લોવ્જ, પી પી ઈ કીટ, થર્મલ ગન માટે રૂ. ૧૦૦ કરોડ.

૨. કોરોના પરિસ્થિતિમાં ક્રીટીકલ આરોગ્ય સારવાર માટે સેનેટાઇઝર, ગેસ–એનેલાઈજર સીરીન્જ પંપ, ઈ.સી.જી. મશીન, વેન્ટીલેટર અને દવાઓ માટે રૂ.૫૦ કરોડ.

૩. કોવીડ–૧૯ મહામારી સામે આરોગ્ય વિષયક સુવિધાઓ ઊભી કરવા નેશનલ હેલ્થ મિશન હેઠળ રાજયનો ફાળો રૂ.૧૩૫.૨૭ કરોડ.

૪. કોરોના મહામારી સામે આયુષ પદ્ધતિ સારવાર માટે રૂ. ૧૧.૯૦ કરોડ.

**મહેસુલ વિભાગ (રૂા. ૧૧૯.૪૨ કરોડ)**

૧. સ્થળાંતર કરનાર શ્રમિકો અને ઘર વિહોણા શહેરી ગરીબોને આશ્રય સાથે ખોરાક, પાણી સેનીટેશન–સ્વચ્છતા અને આરોગ્ય સારવાર પૂરી પાડવા રૂ.૮૧.૭૫ કરોડ.

૨. કોવીડ–૧૯ને અનુલક્ષીને સી.એમ રાહત ફંડમાંથી આપવામાં આવેલ સહાય રૂ.૩૭.૬૭ કરોડ.

**આદિજાતિ વિકાસ વિભાગ (રૂા. ૨૦.૫૩ કરોડ)**

૧. વિભાગ હેઠળની વિવિધ શાળાઓ તથા છાત્રાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૧૫૦૦ લેખે ભોજન સહાય ગ્રાન્ટ માટે રૂ. ૨૦.૫૩ કરોડ.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ (રૂા.૩૫ કરોડ)**

૧. કોવીડ–૧૯ સંદર્ભે લોકડાઉન સમયમાં આંગણવાડી કેન્દ્રો બંધ કરવામાં આવેલ હોવાથી ૩ થી ૬ વર્ષના બાળકોને ટેક હોમ રેશન સ્વરૂપે પોષક આહાર ઘરે પૂરો પાડવામાં આવેલ છે. જેનો લાભ ૧૫.૭૦ લાખ બાળકોને મળેલ છે. જે માટે રૂ. ૩૫ કરોડ.

**પ્રાથમિક શિક્ષણ વિભાગ (રૂા. ૬૨.૧૦ કરોડ)**

૧. કોવીડ–૧૯ સંદર્ભે લોકડાઉન સમયમાં શાળાઓ બંધ કરવામાં આવેલ હોવાથી મધ્યાહ્ન ભોજન યોજનાના ૫૨ લાખ વિદ્યાર્થી લાભાર્થીઓને ભોજન સહાયનો લાભ રોકડ સ્વરૂપમાં આપવામાં આવેલ જે માટે રૂ. ૬૨.૧૦ કરોડ.

**ગૃહ વિભાગ (રૂા. ૪૭ કરોડ)**

૧. કોવીડ–૧૯ સંદર્ભે લોકડાઉન માર્ગદર્શિકાનો અમલ, એરીયા કન્ટેઇનમેઇન્ટ ઓપરેશન તેમજ કોન્ટેકટ ટ્રેસીંગની આનુષાંગિક કામગીરી માટે રૂ. ૪૭ કરોડ.

**ઉર્જા વિભાગ (રૂા. ૪૫૦ કરોડ)**

૧. કોવિડ–૧૯ મહામારીને નિયંત્રણમાં લાવવા હેતુ જાહેર કરાયેલ લોકડાઉન સમયમાં વાણિજ્યિક અને ઉદ્યોગ એકમો દ્વારા કામકાજ બંધ રાખવામાં આવેલ. આ એકમો દ્વારા સદર સમય દરમિયાન વીજળીનો વપરાશ નહિવત હોવાથી ૩૩ લાખ કનેકશનો રનો એપ્રિલ–૨૦૨૦ મહિના માટે ફિકસડ ચાર્જ માફ કરવાનો નિર્ણય કરવામાં આવેલ. જે માટે રૂ. ૪૫૦ કરોડ.

********

## પરિશિષ્ટ : ૨

નાણા વિભાગના ઠરાવ ક્ર.: અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક, તા.: ૦૫-૦૬-૨૦૨૦નુ બિડાણ.

### ગુજરાત આત્મ નિર્ભર પેકેજ

| ક્રમ. | સહાય/રાહત નો પ્રકાર | સહાય/રાહત (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | પ્રોપર્ટી ટેક્ષ, વીજ બીલ અને વાહના કરમાં માફી અને રાહતો | ૨૩૦૦.૦૦ |
| ૨ | ઉદ્યોગ વ્યવસાયો માટે પ્રોત્સાહક સબસીડી | ૩૦૩૮.૦૦ |
| ૩ | ગુજરાત ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતા | ૪૫૮.૫૯ |
| ૪ | હાઉસિંગ ક્ષેત્ર | ૧૦૦૦.૦૦ |
| ૫ | કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ | ૧૧૯૦.૦૦ |
| ૬ | સ્વરોજગાર | ૫૨૫.૦૦ |
| ૭ | શ્રમિક કલ્યાણ | ૪૬૬.૦૦ |
| ૮ | અન્ય રાહતો | ૫૦૪૪.૬૭ |
| | **કુલ** | **૧૪૦૨૨.૨૬** |